

# ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત
# ગ્રામસેવા કેન્દ્ર ભલાડા . તા. માતર જી.ખેડા.

**મે – ૨૦૨૦** | **પ્રવૃતિ અહેવાલ** | **અંક :૧૧**

## ગ્રામસેવા કેન્દ્રની પ્રવૃતિઓ:

૧. પક્ષી ઘર
૨. શૈક્ષણિક વિડીયો કોન્ફરન્સ નું આયોજન
૩. નાસ્તા કીટ વિતરણ
૪. અનાજ – કરિયાણાની કિટનું વિતરણ
૫. માસ્ક વિતરણ
૬ . વેસ્ટ માથી બેસ્ટ


ઈમેલ આઈડી:

gvpbhalada@gmail.com

બ્લોગ આઈડી:

http://schoolbhalada9.blogspot.com

ફેસબુક આઈડી:

**Gramseva Kendra Bhalada**

યુટુબ આઈડી :

School nivashi bhalada9

**ટેલિગ્રામ આઈડી :**

**Nivashi bhalada 9**


## તાંબાના વાસણનો ઉપયોગ શા માટે ?

આયુર્વેદમાં કહેવામાં આવ્યુ છે કે કૉપર એટલે કે તાંબાના વાસણનુ પાણી પીવુ આરોગ્ય માટે લાભકારી છે. તેના પાણીના સેવનથી શરીરનો ઝેરીલો પદાર્થ બહાર નીકળી જાય છે અને અનેક બીમારીઓ સહેલાઈથી ખતમ થઈ જાય છે. તાંબુ જલ્દી તાપમાનમાં ફેરફાર પર પ્રતિક્રિયા આપે છે અને રસોઈ બનાવવા માટે એક શાનદાર વિકલ્પ હોઈ શકે છે. પહેલાના સમયમાં રસોઈ બનાવવાથી લઈને જમવા માટે તાંબાના વાસણ જ જોવા મળતા હતા. અને તેને કારણે લોકોને બીમારીઓ પણ ઓછી થતી હતી. આ વાસણોમાં રસોઈ બનાવવી પણ આરોગ્ય માટે ખૂબ લાભકારી રહે છે.

કોપર રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવા અને નવા કોષોના ઉત્પાદનમાં મદદ કરવા માટે જાણીતું છે.

રસોડામાં તાંબાનાં વાસણોનો ઉપયોગ તેના ઘણા ગુણધર્મોને કારણે ફાયદાકારક છે. તે એન્ટી બેક્ટેરિયલ અને એન્ટી વાઈરલ ગુણધર્મો માટે જાણીતું છે. તાંબુ જખમોને ઝડપથી મટાડવાનો શ્રેષ્ઠ ઉપાય છે. તાંબાનાં વાસણોમાં રાંધેલા ખોરાક ખાવાથી શરીરમાંથી ઝેરી પદાર્થો બહાર નીકળી જાય છે, જેનાથી કિડની અને લિવર સ્વસ્થ રહે છે.

જર્નલ ઓફ હેલ્થ, પોપ્યુલેશન એન્ડ ન્યુટ્રિશનમાં પ્રકાશિત એક અભ્યાસમાં જોવા મળ્યું છે કે તાંબુ ખોરાકમાં રહેલા વાયરસ અને બેક્ટેરિયા સાથે પ્રતિક્રિયા કરીને તેમને મારી શકે છે. એટલે કે, રસોડામાં કેટલાક તાંબાનાં વાસણો એક મોટા રોગાણુરોધી તરીકે કાર્ય કરી શકે છે. તાંબાનાં વાસણો કેટલા જૂના અથવા ઓક્સિડાઈઝ્ડ છે, આ વાસણોમાં ખોરાક રાખીને અને રાંધવાથી ખોરાક સૂક્ષ્મજંતુ મુક્ત થઈ શકે છે.

(સંદર્ભ : વેબ દુનિયા – ગુજરાતી )

**મેહુલભાઈ.એસ.પટેલ.**

❖ પક્ષી ઘર : (૦૨-૦૫-૨૦૨૦ )

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા દ્વારા ઉનાળાની ઋતુમાં પક્ષીઓ માટે પક્ષીના માળા બનાવીને મૂકવામાં આવ્યા.






❖ શૈક્ષણિક વિડીયો કોન્ફરન્સ નું આયોજન : (૭-૫-૨૦૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા સેવકો દ્વારા વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠકનું આયોજન કરી આગામી શૈક્ષણિક શાળાકીય આયોજન અંગે વિચારણા કરવામાં આવી .



❖ નાસ્તા કીટ વિતરણ : (૮-૫-૨૦૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામ સેવા કેન્દ્ર ભલાડા દ્વારા ભલાડા ગામ ના માતા અથવા પિતા ન હોય તેવા જરૂરિયાત મંદ અને આર્થિક રીતે નબળા કુટુંબના ૮૦ બાળકોને નાસ્તાની કીટ દાતા શ્રીઆદરણીય ઈન્દિરાબેન નિત્યાનંદમ અમદાવાદના સહીયોગ થી આપવામાં આવી.



❖ ૨૦૦ અનાજ – કરિયાણાની કિટનું વિતરણ : (૧૧-૦૫-૨૦૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદા.વાદ સંચાલિત ગ્રામસેવાકેન્દ્ર ભલાડા દ્વારા આદરણીય શ્રી સમીરભાઈ . યુ. પરિખ મુંબઈના સહયોગથી જરૂરિયાતમંદ ભલાડાના ૨૦૦ પરિવારોને  અનાજ – કરિયાણાની કિટનું વિતરણ કરવામાં આવ્યું .

| વસ્તુનું નામ | જથ્થો | વિતરણ જથ્થો |
|---|---|---|
| તેલ | ૨૦૦ કિ.ગ્રા. | દરેક ને ૧ કિ.ગ્રા. |
| હળદર | ૨૦ કિ.ગ્રા. | ૧૦૦ ગ્રામ |
| મરચું | ૨૦ કિ.ગ્રા. | ૧૦૦ ગ્રામ |
| ખાંડ | ૧૦૦ કિ.ગ્રા. | ૫૦૦ ગ્રામ |
| કઠોળ ચણા | ૧૦૦ કિ.ગ્રા. | ૫૦૦ ગ્રામ |
| તુવેર દાળ | ૧૦૦ કિ.ગ્રા. | ૫૦૦ ગ્રામ |
| ચા | ૫૦ કિ.ગ્રા. | ૨૫૦ ગ્રામ |
| ગોળ | ૧૦૦ કિ.ગ્રા. | ૫૦૦ ગ્રામ |
| તુવેર | ૧૦૦ કિ.ગ્રા. | ૫૦૦ ગ્રામ |
| મીઠું | ૨૦૦ કિ.ગ્રા. | ૧ કિલો |
| ઘઉં | ૧૦૦૦ કિ.ગ્રા. | ૫ કિલો ( રામ  ભરોસે ) |
| ચોખા | ૬૦૦ કિ.ગ્રા. | ૩ કિલો ( રામ ભરોસે ) |
| માચીસ | ૧૦૦૦  નંગ | ૫ નંગ |
| માસ્ક | ૪૦૦  નંગ | ૨ નંગ |





❖ માસ્ક વિતરણ : (૧૩-૫-૨૦૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામસેવાકેન્દ્ર ભલાડા દ્વારા ગ્રામપંચાયત ભલાડા અને દુધ મંડળી ભલાડા ના સહયોગથી ૨૦૦૦ સ્વદેશી માસ્ક નું વિતરણ કરવામાં આવ્યું.





❖ વેસ્ટ માથી બેસ્ટ : (૨૧-૫-૨૦૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામસેવાકેન્દ્ર ભલાડા દ્વારા વેસ્ટ માંથી બેસ્ટ " સેનિટાઈઝેશન પંપ " બનાવવામાં આવ્યો. ( સાધનો : જૂની પી.વી.સી. પાઈપ , માંથામાં નાખવાનું રબર ,બોલ પેનની સિંપ્રગ ,જૂની માર્કર ,નાના સ્ક્રૂ ,એક નટ – બોલ્ટ,નાનું મિજાગરું ,જાડી દોરી કપડાં સીવવા માટેની ,બે સીધા ક્લેમ્પ )

